| Newspaper | Page No. | Date |
|---|---|---|
| Good Evening | 03 | 11-07-2014 |

# એસ્સાર ફાઉન્ડેશન દ્વારા વાડિનારમાં માતા અને બાળ દેખરેખ કેન્દ્રનું વિસ્તરણ

## સાંસદ પૂનમબેન માડમના હસ્તે સેવા વિસ્તરણ કરાઈઃ આરોગ્ય શિબિરનો ૩૫૬ ગ્રામ્યજનોએ લાભ લીધો

જામનગર તા.૧૧

એસ્સાર ફાઉન્ડેશનના સામુહિક આરોગ્ય યોજના અંતર્ગત સામાજિક સેવા પ્રવૃતિમાં વધુ એક સેવાની યશકલગી ઉમેરાઈ છે. જેમાં વાડિનાર ખાતે માતા અને બાળ દેખરેખ કેન્દ્રમાં વધારે સેવાઓ ઉમેરી રહ્યા છે. અત્યાર સુધી એક બાળરોગ અને સ્ત્રીરોગ નિષ્ણાંત દ્વારા સામાહિક સેવાઓ પુરી પાડવામાં આવતી હતી, હવેથી આ સેવાઓમાં એક આંખના અને દાંતના નિષ્ણાંતની સેવાનો ઉમેરો કરવામાં આવી રહ્યો છે.

આ પ્રસંગે જામનગરના માનનીય સંસદ સભ્ય સું. શ્રી પૂનમબેન માડમના હસ્તે કેન્દ્રની મરામત અને નવીનીકરણના મુહૂર્ત સાથે અન્ય સેવાઓના વિસ્તરણની જાહેરાત કરવામાં આવી હતી. તદ્ઉપરાંત, આ પ્રસંગે એક વિશાળ આરોગ્ય શિબિરનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું, જેમાં ઓર્થોડિનીસ્ટ, સ્ત્રીરોગ નિષ્ણાંત, બાળરોગ અને નેત્રજજ્ઞો એવા ૨૧ ડોકટરોની ખાસ ટીમ હતી. જેઓએ આજુબાજુના ગામોના લગભગ ૩૫૬ જેટલા દર્દીઓની મફત ચકાસણી અને દવાઓની સેવાઓ પુરી પાડી હતી.

આ પ્રસંગે તબીબી સેવાઓ અને અન્ય સમાતંર કાર્યક્રમોમાં સમૂહ સીવાય, રોગનાશક પાસાની દ્રષ્ટિએ સેવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. એટલું જ નહીં. પરંતુ રોગ નિવારક પાસાઓની પણ કાળજી લેવામાં આવી હતી. આ પ્રસંગે બિમારીઓ વિશે વર્ષ દરમ્યાન સંદેશવાહક જાગૃતિ સત્રોનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. સું.શ્રી પૂનમબેન માડમ દ્વારા એસ્સાર ઓઈલ લી. ના વર્ષે ૨૦૧૩-૧૪ નો સીએસઆર નો વાર્ષિક રિપોર્ટ પણ પઞેપણ કરાયો હતો.

સું.શ્રી પૂનમબેન માડમને રાજકીય ક્ષેત્રમાં ઉજાગર થવા અંગે તથા ડો.પી.બી. વસોયા, જામનગર જિલ્લા પંચાયત પ્રમુખને જામનગર જિલ્લાના નોંધનીય વિકાસ માટે તેમના યોગદાન બદલ સન્માનિત કરવામાં આવ્યાં હતાં. તે ઉપરાંત ડો.નયનાબેન પટેલ (ઈન ચાર્જ ડીન- ડેન્ટલ કોલેજ), ડો.મહેતા (નિ સંચારી રોગોના નિષ્ણાંત), ડો.પ્રશાંત તન્ના (બાળરોગ નિષ્ણાંત), ડો.બીજલ શાલીન પટેલ (સ્ત્રીરોગ નિષ્ણાંત), ડો.પૂજા પટેલ (દંત ચિકિત્સક) અને ડો.ડી.પી. પંડ્યા (નેત્રરોગ ચિકિત્સક) વગેરેનાઓને તેમના સંબંધિત ક્ષેત્રોમાં તેમના સર્મપણ અને લાંબા ગાળાના યોગદાન બદલ સન્માનિત કરવામાં આવ્યા હતાં. વાડિનાર સરપંચ કાસમભાઈ અને ભરાણાના સરપંચ હુસેનભાઈ તથા વાડિનાર ગામના આગેવાન સી.આર. જાડેજા તથા અન્ય આગેવાનો પણ હાજરી આપી હતી.

એસ્સાર ઓઈલ લી. અને ઈન્ડિયન ઓઈલ લી. ના ઉચ્ચ અધિકારીઓ સહિત એસ્સાર ઓઈલ લી. ના ડાયરેકટર શ્રી.સી. મનોહરન, એસ્સાર ઓઈલ લી. ના સિનિયર વાઈસ પ્રેસીડન્ટ નારદા સીંગ અને રાનુ રામૃ ચીફ ઓપરેશન મેનેજર, ઈન્ડિયન ઓઈલ લી. વગેરેએ આ પ્રસંગની ખુબ પ્રશંસા કરી અને ભવિષ્યમાં સંયુકત સહયોગથી વધુ કાર્યક્રમો થાય તેવા વિચારો વ્યક્ત કર્યા હતા. અન્ય અધિકારીઓમાં આર.કે. લોધી (પર્યાવરણના વડા-એસ્સાર ઓઈલ લી.), શ્રી. કે. મોટલા (સીઆરજીના વડા-એસ્સાર ઓઈલ લી.) તથા ગામોની સામાન્ય જનતા સહભાગી બની હતી.